Seat No. : | | | | | | |

Sl.No. 0961

# 508(G)

**(MARCH, 2019)**

***Time : 2 Hours]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

**1) આ પ્રશ્નપત્રમાં 50 પ્રશ્નો અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.**

**2) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.**

1) નીચેનામાંથી HTML નું પુરું નામ કયું છે ?
 (A) Hot Text Manipulation Language
 (B) Hyper Text Manipulation Language
 (C) Hyper Text Markup Language
 (D) Hidden Text Markup Language

2) નીચેનામાંથી HTML એલિમેન્ટને કોણ સંબોધે છે ?
 (A) શરૂઆતની ટેગ, લખાણ અને અંતની ટેગ
 (B) ખૂણિયા કૌંસ
 (C) લખાણ
 (D) આપેલમાંથી કોઈપણ

3) નીચેનામાંથી કયો વિકલ્પ ખાલી ટેગ રજૂ કરે છે, જેમાં કોઈ લખાણની જરૂર પડતી નથી ?
 (A) Compete (B) Empty
 (C) Null (D) Void

4) HTML દસ્તાવેજમાં કયા પ્રકારની માહિતી સમાવી શકાય ?
 (A) મલ્ટીમીડિયા માહિતી
 (B) શાબ્દિક માહિતી
 (C) ફાઈલ નામનું પાથ નામ અને ફાઈલનું નામ
 (D) આપેલ તમામ

5) HTML દસ્તાવેજને સુધારવા માટે નીચેના પૈકી કયું એડિટર છે ?

(A) SciTE (B) BriTE

(C) LigHT (D) SpriTE

6) નીચેનામાંથી કયા બે HTML કોડના બે મૂળભૂત વિભાગો બનાવે છે ?

(A) Head અને Body (B) Physical અને Logical

(C) Code અને Browser (D) Meta-tags અને Body

7) વેબપેઈજનું શીર્ષક નીચેનામાંથી કયા ટેગમાં આવરીને દર્શાવાય છે ?

(A) <P> અને </P> (B) <body> અને </body>

(C) <title> અને </title> (D) <h1> અને </h1>

8) HTML દસ્તાવેજમાં નીચેનામાંથી કયા વિભાગમાં આપણે ટિપ્પણી ઉમેરી શકીએ ?

(A) Head (B) Body

(C) Head અને Body બંને (D) Head અથવા Body

9) HTML કોડમાં એક્ટિવ-લિંક ગોઠવવા માટે નીચેનામાંથી શું ઉપયોગમાં લેવાય છે ?

(A) alink (B) vlink

(C) before link (D) after link

10) HTML દસ્તાવેજમાં વિડિયો ફાઈલ ઉમેરવા નીચેના પૈકી કયો ટેગ ઉપયોગમાં લેવાય છે ?

(A) img (B) image

(C) href (D) ime

11) નીચેનામાંથી કયું માન્ય છબી ફાઈલ સ્વરૂપ છે ?

(A) Img (B) Move

(C) Mp3 (D) Png

12) નીચેનામાંથી કયો ગુણધર્મ છબીની ઊંચાઈ અને પહોળાઈની કિંમત પિક્સેલમાં દર્શાવે છે ?

(A) Img src
(B) Height અને Width
(C) H અને V
(D) આપેલ કોઈપણ

13) HTML માં <ol> દ્વારા નીચેનામાંથી કઈ બાબત નક્કી થાય છે ?

(A) સાદી યાદી
(B) ક્રમબદ્ધ યાદી
(C) અક્રમિક યાદી
(D) સાદું કોષ્ટક

14) જો બ્રાઉઝર Frame ને સમર્થન ન આવતું હોય તો તેના બદલે વૈકલ્પિક લખાણ દર્શાવવા નીચેનામાંથી કયું ઉપયોગમાં લઈ શકાય ?

(A) No Frames
(B) Yes Frames
(C) False Frames
(D) True Frame

15) HTML ની ક્રમબદ્ધ યાદીમાં નીચેનામાંથી કયું બદલી શકાય ?

(A) મુદ્દાઓનો ક્રમ
(B) શરૂઆતનો ક્રમ
(C) ક્રમ માટે સંખ્યા ચિહ્નનો પ્રકાર
(D) આપેલ તમામ

16) નીચેનામાંથી કયો વિનિયોગ કેલ્સી માટે યોગ્ય નથી ?

(A) સરવૈયું તૈયાર કરવું
(B) પરિણામનું વિશ્લેષણ
(C) કોઈ ઉત્પાદન વિશે માહિતી રજૂ કરવી
(D) આપેલા તમામ

17) કેલ્સી નીચેનામાંથી કયા પ્રકારના પેકેજનો નિર્દેશ કરે છે ?

(A) સ્પ્રેડ શીટ
(B) મલ્ટી શીટ
(C) ડબલ શીટ
(D) નક્કી કરી શકાતું નથી.

18) કેલ્સીની કોઈ સેલમાં જો "=starcalcteam()*" દાખલ કરવામાં આવે તો નીચેનામાંથી શું વર્કશીટમાં જોવા મળે ?

(A) તારાઓ
(B) કેલ્સી બનાવનાર ટુકડીની તસ્વીર
(C) કેલ્સી પરવાના(લાયસન્સ) માહિતી
(D) કેલ્સી આવૃત્તિ માહિતી

19) નીચેનામાંથી કઈ કાર્યરીતિ ડેટાને ચોક્કસ ક્રમમાં જેમ કે ચઢતા ક્રમમાં કે ઉતરતા ક્રમમાં ગોઠવવાનું કાર્ય કરે છે ?

(A) ડેટા ફોર્મેટીંગ (B) ડેટા વેલિડેશન

(C) ડેટા ફિલ્ટરિંગ (D) ડેટા સોર્ટિંગ

20) કેલ્સીમાં મદદ મેળવવા માટે નીચેનામાંથી કઈ ફંક્શન કી નો ઉપયોગ થાય છે ?

(A) F1 (B) F2

(C) F4 (D) F7

21) બિનજરૂરી ડેટાને ગાળીને દૂર કરવાની પ્રક્રિયાને શું કહે છે ?

(A) સોર્ટિંગ (B) સર્ચિંગ

(C) ફિલ્ટરિંગ (D) વેલિડેટિંગ

22) કેલ્સીની કઈ સગવડથી આપણે એક કરતાં વધારે કોઈ શબ્દ બદલી શકીએ છીએ ?

(A) Find & Replace (B) ફક્ત Replace વડે

(C) Copy આદેશથી (D) Preview આદેશથી

23) નીચેનામાંથી કયો તાર્કિક વિધેય નથી ?

(A) OR (B) AND

(C) NOT (D) PROPER

24) કેલ્સીમાં 3D શાબ્દિક લખાણ દાખલ કરવા માટે નીચેનામાંથી શું વપરાય છે ?

(A) ફોન્ટવર્ક (B) આર્ટવર્ક

(C) ડ્રોઈંગવર્ક (D) ગ્રાફવર્ક

25) આલેખને જોડવા માટે નીચેનામાંથી શું વપરાય છે ?

(A) એક્ટિવલિંક (B) હાઈપરલિંક

(C) ડ્રોઈંગલિંક (D) કનેક્શનલિંક

26) ડેટા વિસ્તારમાં ઊભી હરોળ(કોલમ) અથવા આડી હરોળ(રો)ને અચળ બનાવવા માટે-નિરપેક્ષ બનાવવા માટે કયું ચિહ્ન વપરાય છે ?

(A) # (B) $

(C) & (D) %

27) નીચેનામાંથી શું સમસ્યાના ઉકેલ માટે યોગ્ય ક્રમમાં સૂચનાઓ નિર્દેશ કરે છે ?

(A) અલગોરિધમ (B) ફ્લોચાર્ટ

(C) શ્રેણી (D) રોડમેપ

28) નીચેનામાંથી કયું ચિહ્ન ફ્લોચાર્ટમાં અંત દર્શાવવા માટે વપરાય છે ?

(A) વર્તુળ (B) હીરો

(C) ગોળ ખૂણાવાળો લંબચોરસ (D) ચોરસ

29) નીચેનામાંથી સમસ્યાના ઉકેલની ચિત્રાત્મક રજૂઆત કઈ છે ?

(A) સુડો કોડ (B) ફ્લોચાર્ટ

(C) અલગોરિધમ (D) શ્રેણી

30) નીચેનામાંથી કયું ચિહ્ન પ્રક્રિયા દર્શાવે છે ?

(A) લંબચોરસ (B) ચોરસ

(C) વર્તુળ (D) હીરો

31) સી મૂળાક્ષરોને કેટલા વિભાગમાં વર્ગીકૃત કરી શકાય ?

(A) 0 (B) 2

(C) 4 (D) 8

32) સી ભાષા માટે નીચેનામાંથી કયો પૂર્ણ અચળ અયોગ્ય છે ?

(A) O × G (B) O × A

(C) O × B (D) O × D

33) નીચેનામાંથી કઈ કી દ્વારા પ્રોગ્રામનો સીધો જ અમલ કરી શકાય છે ?

(A) F7
(B) F9
(C) F5
(D) F8

34) પૂર્ણાંક ડેટા પ્રકાર માટે નીચેનામાંથી કયા કી-વર્ડનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) integer
(B) Integer
(C) INTGER
(D) int

35) gcc કંપાઈલર દ્વારા Float પ્રકારને કયા કદની મેમરી આપવામાં આવે છે ?

(A) 1
(B) 2
(C) 4
(D) 6

36) સી ભાષામાં "!" નિશાનીનો ઉપયોગ કયા પ્રક્રિયક તરીકે કરવામાં આવે છે ?

(A) સંબંધસૂચક
(B) ગાણિતિક
(C) તાર્કિક
(D) બિટવાઈઝ

37) સી ભાષામાં Value++ નો અર્થ શું કરી શકાય ?

(A) પોસ્ટ ઈન્ક્રિમેન્ટ
(B) પોસ્ટ ડિક્રિમેન્ટ
(C) પ્રી-ઈન્ક્રિમેન્ટ
(D) પ્રી-ડિક્રિમેન્ટ

38) સી ભાષામાં I/O પ્રક્રિયા માટે નીચેનામાંથી શેનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) મોનિટર
(B) કી-બોર્ડ
(C) માઉસ
(D) આપેલ તમામ

39) નીચેનામાંથી કયું વિધેય ઈનપુટ માટે નથી ?

(A) getchar()
(B) getch()
(C) Puts()
(D) gets()

40) સ્ટ્રિંગ સ્વીકારવા માટે નીચેનામાંથી કયું વિધેય વધુ યોગ્ય છે ?

(A) getch() (B) gets()

(C) getchar() (D) getc()

41) નીચેનામાંથી કયા સાધન દ્વારા પ્રોગ્રામમાં ઈનપુટ શક્ય છે ?

(A) કી-બોર્ડ (B) સ્પીકર

(C) પ્રિન્ટર (D) મોનિટર

42) વિધેયની શરૂઆત નીચેનામાંથી કયા વિકલ્પ સાથે થાય છે ?

(A) "=" ચિહ્ન (B) મૂળાક્ષરો

(C) સંખ્યા (D) આમાંનો કોઈપણ

43) નીચેનામાંથી કયો એલિમેન્ટ પાનાને સમાંતર આડી લીટી દોરે છે ?

(A) <br/> (B) <hr/>

(C) <fr/> (D) <Lr/>

44) .xls એ કેલ્સીમાં બનાવેલ શેનું અનુલંબન છે ?

(A) વર્કશીટ (B) ડેટાશીટ

(C) માર્કશીટ (D) એકપણ નહીં

45) Printf("%4s","krusha") નું પરિણામ શું મળશે ?

(A) Krus (B) usha

(C) Krusha (D) Krush

46) નીચેના if વિધાનના અમલ બાદ flag ચલની કિંમત કઈ હશે ?

(A) 0 (B) 1

(C) 5 (D) 8

47) પ્રોગ્રામના અમલીકરણ દરમ્યાન જુદા-જુદા બ્લોકને પસંદ કરવા કયા વિધાનનો ઉપયોગ કરવો ?

(A) either ..... or (B) neither ..... nor

(C) if - else (D) એકેય નહિ

48) લૂપમાં કયું વિધાન આવે ત્યારે લૂપને તાત્કાલીક અટકાવવામાં આવે છે ?

(A) continue (B) break

(C) main() (D) while

49) નીચેના કોડના અમલ પછી number ચલની કિંમત કઈ હશે ?

```
int number = 1;
while (number <5) {
    number = number + 1;
    if (number = = 3) {
        continue;
    }
}
```

(A) 1 (B) 3

(C) 5 (D) એકપણ નહીં

50) સતત ચાલ્યા જ કરે અને પ્રોગ્રામનું નિયંત્રણ તેની બહાર ન આવી શકે તેવા લૂપનું નામ શું ?

(A) સામાન્ય લૂપ (B) અનંત લૂપ

(C) નિયંત્રક લૂપ (D) સતત લૂપ